## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



યજમાન, ઓલા ભલે માતાજીને મોહનાથળની જગ્યાએ ચીકી ધરાવે પણ આપણાથી સત્યનારાયણ દેવને ચીકી ન ધરાવાય...!!

# તું અમારી દારૂની બાતમીઓ કેમ આપે છે, કહી યુવક પર ચાર શખ્સો ધોકા લઈ તુટી પડ્યા

## સેક્ટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસે રાત્રીનો બનાવ

ગાંધીનગર, તા.૬

શહેરના સેક્ટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસે ચાર શખ્સોએ ગાળો બોલી લાકડાના ધોકા વડે યુવક પર તુટી પડ્યા હતા.ત્યારબાદ યુવકને હાથે પહેરવાનું કડું અને પ્લાસ્ટીકની ખુરશીઓ ઉછાળી હતી. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૨૯ વંદે માતરમ પાર્ક બ્લોક નં.૮ મકાન નં.૫૦૧ ખાતે રહેતા નિલેશ ગણેશભાઈ વણકર પરિવાર સાથે રહે છે અને રેતી કપચી તેમજ ગાડીઓ લે-વેચનું કામ કરે છે. ગતરોજ તા.૫ માર્ચના રોજ રાત્રે જમી પરવારી તે અને તેનો મિત્ર શૈલેન્દ્રસિંહ ચાવડા (રહે પેથાપુર) જુલેલાલ મંદિરની સામે બગીચામાં બાંકડા પર બેઠા હતા. તેઓ વાતચીત કરી રહ્યા હતા તે દરમિયાન રાત્રીના આશરે સાડા અગીયાર વાગ્યાના સુમારે મંથન સોલંકી (રહે સેક્ટર-૩૦) તેમજ કિશન ગુરખા (રહે સે-૧૭) જે બંન્ને જણા અગાઉ નિલેશના મિત્રો જ હતા. પરંતુ હાલ મનમેળ નથી. જયારે તેઓ બંને જણા મારૂતિ ફ્ન્ટી ગાડી લઈ અમારી પાસે આવેલા અને ગાડીમાંથી નીચે ઉતરી બંન્ને જણા એ મને કહ્યું કે તુ અમારી દારૂની બાતમીઓ કેમ આપે છે. તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા. જેથી નિલેશ અને તેના મિત્રએ ગાળો બોલવાની ના પાડતા અને ઝઘડો નહી કરવાનું કહેતા આજે તો તને કયારેય પોલીસને બાતમી આપે તેવો રહેવા દેવો નથી તેમ કહી ઉશ્કેરાઈ જઈને ફ્ન્ટીમાંથી લાકડાના ધોકા કાઢી લાવીને બંને જણાએ નિલેશ ઉપર હુમલો કર્યો હતો. જેમાં મંથને બરડાના ભાગે અને પીઠ ઉપર પાંચ-છ ધોકા માર્યા હતા. જયારે કિશન ગુરખાએ તાર વીંટાળેલા ધોકા વડે મોંઢાના ભાગે, પગે અને શરીર પર ધોકા મારતા લોહી લુહાણ થઈ ગયો હતો. આજે તો તને જીવતો છોડવાનો નથી અને મને વધુ મારમાંથી છોડાવવા મિત્ર શૈલેન્દ્રસિંહ વચ્ચે પડી છોડાવ્યો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ માં લઈ જવાતો હતો. તે સમયે પણ બંને ભાઈઓ પર મંથનના મિત્રો અજય વાદી અને રાજુ બોડાત એકટીવા લઈ આવ્યા હતા.

તે સમયે અજયે પટ્ટા વડે અને રાજુ એ હાથે પહેરવારના કડા અને પ્લાસ્ટીકની ખુરશી રાજુભાઈને માથામાં મારી હતી. તે સમયે ૧૦૮ આવતા બંન્ને જણા સારવાર માટે ગાંધીનગર સિવિલ પહોંચ્યા હતા. જયાં યુવકને એડમીટ કરવામાં આવ્યો છે અને તેના ભાઈને ઓપીડી સારવાર આપી હતી.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- હિસાબ અને તિજોરી કચેરીમાં ૧૦૩ જેટલા જુ. કારકુન સંવર્ગની ભરતીના હુકમો કરાયા છે. આ પરીક્ષાર્થીઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદગી પામ્યા હતા.
- જિલ્લામાં ૧૬ કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોની મેરીટ યાદીને આખરી કરી આજે જાહેર કરવામાં આવેલ છે.
- ગાંધીનગરના સરઢવ ગોવર્ધનનાથ હવેલીમાં "હોળી રસિયા"નો ભક્તિસભર કાર્યક્રમ વૈષ્ણવજનોએ માણ્યો હતો.
- ગુજરાત જાહેર પરીક્ષા વિધેયકને રાજ્યપાલશ્રીએ મંજૂરીની મહોર મારી દીધી છે.
- ગાંધીનગરમાં સમાવિષ્ટ ઝુંડાલ ગામના મુખી પરિવારનો સ્નેહમિલન સમારોહ યોજાઈ ગયો.
- પુન્દ્રાસણ ગામે રહેતી મહિલા અને માતા પર ચાર શખ્સોએ લાકડી વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.
- શાહપુર પ્રા.શાળાએ રાષ્ટ્રીય કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન કોન્ફરન્સ-૨૦૨૩માં ભાગ લઈ શિક્ષણજગતને ગૌરવ અપાવ્યુ છે.
- માણસાના લીમ્બોદરા ગામ નજીક વાન અને એકટીવા વચ્ચેના અકસ્માતમાં એકનું મોત થયુ છે.
- કલોલમાં એકટીવા પાણીના ટેન્કર સાથે અથડાતાં અકસ્માત થયો છે.
- અડાલજ પોલીસે ભાટ ગામમાંથી જુગાર રમી રહેલા ૪ શખ્સોને પકડી પાડ્યા છે.
- જી.એમ.ઈ.આર.એસ.ના હોલમાં આજે જન ઔષધ દિવસની ઉજવણી કરાશે.
- પ્રવાસન નિગમ દ્વારા આતિથ્ય પોર્ટલ આજે લોંચ કરવામાં આવ્યુ છે.
- જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે ઈ.શ્રમ પોર્ટલ પર થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી છે.
- જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા હિટવેવની આગાહીના પગલે હીટસ્ટ્રોકના દર્દીઓ અને તેના લક્ષણોનું મોનીટરીંગ કરવામાં આવશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- શહેરના વિવિધ સેક્ટરોમાં અનિયમિત બનેલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ગાડીઓના પગલે હવે વસાહતીઓ જાહેર કચરાપેટીમાં કચરો ઠાલવવાનું શરૂ કર્યુ છે તેથી ગંદકી પણ વધી છે.
- ગાંધીનગર શહેરમાં મોર્નિંગ વોકર્સની સંખ્યા વધી છે.

# દહેગામ નગરપાલિકાનો કરાર આધારીત એન્જીનિયર રૂ.૪ હજારની લાંચ લેતા ઝડપાયો

ગાંધીનગર,તા.૬

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠલ મળતી સરકારી સહાયની બાકીની રકમનો હપ્તો ફરીયાદીના એકાઉન્ટમાં જમા કરાવવાની અવેજીમાં રૂ.૪ હજારની લાંચ લેતા દહેગામ નગર પાલિકાના કરાર આધારીત એન્જીનિયર એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ ગયા હતા. કરાર આધારીત એન્જીનિયર એસીબીના હાથે ઝડપાયા હોવાની વાત દહેગામ નગરપાલિકામાં ફેલાઈ જતા અધિકારી-કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતો. મળતી વિગત મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરી વિસ્તારમાં મકાન બનાવવા માટે સરકાર તરફથી રૂ.૩.૫૦ લાખ સહાય મળતી હોય છે. જે માટે ફરીયાદીની પત્નીએ ત્રણ વર્ષ અગાઉ ફોર્મ ભર્યું હતું. જે અન્વયે સરકાર તરફથી સહાય મંજુર થઈ હતી. ફરીયાદીના ખાતામાં હપ્તે હપ્તે રૂ.૨.૩૦ લાખ જમા પણ થઈ ગયા હતા. જો કે બાકીના રૂ.૧.૨૦ લાખ જમા થવાના બાકી હતા. જે બાકી રકમ મેળવવા માટે ફરીયાદીએ દહેગામ નગર પાલિકાના કરાર આધારીત મ્યુનિસિપલ એન્જીનિયર હિરેન રાજેશભાઈ પટેલ (રહે જયભોલે સોસાયટી રૂક્ષમણી હોસ્પિટલ



ખોખરા) નો સંપર્ક કયો હતો. જેને પગલે હિરેન પટેલે ફરીયાદી પાસેથી બાકીના રૂપીયા ખાતામાં જમા કરાવવાની અવેજીમાં રૂ.૪ હજાર લાંચની માંગ કરી હતી. જે રકમ ફરીયાદી આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. જેને પગલે એસીબી ગાંધીનગર એકમના નિયામક એ.કે.પરમારના સુપરવિઝન હેઠળ પીઆઈ એસ.સી.શર્મા સહિતની ટીમે મન એવન્યું કોમ્પલેક્ષની આગળ સાત ગરનાળા પાસે, ઔડા ગાર્ડનની સામે દહેગામ ખાતે છટકુ ગોઠવ્યું હતું. જેમાં હિરેન પટેલ લાંચ લેતા રંગેહાથ ઝડપાયો હતો. કરાર આધારીત મ્યુનિસિપલ એન્જીનિયરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે દહેગામ નગરપાલિકાનો અધિકારી લાંચ લેતા ઝડપાયા પછી અધિકારી-કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતો.



ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં ભર ઉનાળે પવન અને ધૂળના ડમરીના સુસવાટા સાથે આકાશમાં વરસાદી કાળા ડિબાંગ વાદળો ચઢી આવતા બટાકાઅને ઘઉં ની સીઝન અંતિમ પુરજોશમાં હોવા થી ખેડૂતો માં દોડધામ મચી જવા પામી નુકશાન થવા ના સંકેતોથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા હાલ વરસાદ ધીમે ધીમે વીજ ગાજ સાથે સાથે હળવો વરસતા બટાકા ઘઉંના પાકને નુકસાનકારક બનશે ખેડૂતો ઘાસ અને પાકને ઢાંકવા માટે તાંડપત્રી લઈ દોડધામ મચાવી હતી

# ચિલોડા ગામના પ્રવેશદ્વારે હોલિકાદહન કાર્યક્રમ યોજાયો

ગાંધી.તા.૦૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા અને રંગીલું ગામ વિરાતલાવડી ગામે હોલિકા દહન કાર્યક્રમ વાજતે ગાજતે પ્રગટાવવા માં આવી હતી ત્યારે બાદ ગામજનોમાં બાળકો યુવાનો મહિલા હાથમાં તાંબાના લોટામાં જળ દૂધ ખજૂર ધાણી શ્રીફળ ચોખા દ્વારા હોલિકા ની ફરતે લીમડાના ડાળ વડે પ્રદક્ષિણા કરી જયઘોષ સાથે દર્શન કરી ધન્યતા અનુભવી હતી વિરાતલાવડી ગામે હોલિકાદહનને સપૂર્ણરીતે



રંગબેરંગી આકર્ષક શણગારવા માં આવી હતી વાજતેગાજતે પ્રગટાવ્યા બાદ ગામજનોએ શ્રદ્ધાપૂર્વક પૂજાઅર્ચના કરી દર્શનાર્થે ભક્તોજનો ઉમટી પ્ર દક્ષિના કરી પૂજાસામગ્રી હોમવામાંઆવી હતી

## શાળા-કોલેજામાં રંગોત્સવની રંગેચંગે ઉજવણી

ગાંધી.તા.૦૬

મન મોર બની થનગાટ કરે.... શાળા ના ભૂલકાંઓને રમતા જોઈ આવી પ્રતીતિ થાય એ સ્વાભાવિક છે.હોળી - ધુળેટી પૂર્વે શહેર ની શાળા અને કોલેજો માં રંગે ચંગે રંગોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી.વિદ્યાર્થીઓ એ મિત્રો અને શિક્ષકો સાથે ધુળેટી પર્વ ની ઉજવણી કરી હતી.શાળાએથી છૂટીને સૌ રંગબેરંગી કલર થી રંગાયેલા જોવા મળ્યા હતા. સાથે જ શાળા અને કોલેજો ની બહાર કલર અને પિચકારી ની લારીઓ ખડકાઈ ગઈ હતી. ફેરિયાઓને કલર અને પિચકારીનું વેચાણ કરવામાં ધુળેટી પૂર્વે ૨ દિવસ આ રંગોત્સવ નાના ભૂલકાંઓ થી માંડી સૌ કોઈ માટે પ્રિય મનાય છે.તેથી લોકો દર વર્ષે રંગોત્સવ ની ઉજવણી ઉત્સાહ પૂર્વક કરતા આવ્યા છે.જો કે શાળા કોલેજમાં આગાઉ થી જ ઉજવણી કરવાનુ એક માત્ર કારણ છે કે ધુળેટી ના દિવસે જાહેર રજા રહેતી હોય છે.તેથી વિદ્યાર્થી વર્ગ અગાઉથી જ શાળા કોલેજના મિત્રો અને શિક્ષકો સાથે ધુળેટી ની ઉજવણી કરે છે.જેનો આનંદ અનેરો હોય છે.શાળા કોલેજો માં રંગોત્સવ નિમિતે વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.સાથે જ સ્પર્ધાઓ નુ પણ આયોજન કરવામાં આવે છે.વિદ્યાર્થીઓને પર્વ વિશે માહિતગાર કરવામાં આવે છે.પર્વ નું સાચું મહત્વ જણાવાય છે.તેમના જ્ઞાન માં વધારો કરવામાં આવે છે જેથી પર્વ ની ઉજવણી કરતા પહેલા પર્વ ની માહિતી પણ હોવી જરૂરી છે.આ આધુનિક યુગમાં લોકો ફોરવર્ડ બનાવમાં ને બનવામાં આપણા રીત રિવાજો અને પરંપરાઓ ભૂલી રહ્યા છે.

# ભાટ ગામેથી જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ભાટ ગામના પટેલ ચોક ખાતે ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓને ઝડપી પાડી પોલીસે રૂ.૧૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં ફરતા હતા. તે સમયે ભાટ ગામના નાંકે આવતા તેમની બાતમી મળી હતી કે પટેલ ચોકમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે ચારેય શખ્સોને પકડી પાડ્યા હતા.

પોલીસે જુગારીઓના નામ પુછતા ભાટ ગામ પટેલ વાસ ખાતે રહેતા ગોપાલભાઈ ચીનુભાઈ પટેલ, હિરેન સુરેશભાઈ પટેલ (ભાટ ગામ પટેલવાસ), રવિ ચીનુભાઈ પટેલ (પટેલવાસ ભાટગામ), અને ભરત ધીરુભાઈ પટેલ ( ભાટ ગામ ), હોવાનું જણાવ્યું હતું. પોલીસે દાવ પરથી રોકડા રૂ.૧૨૭૦ તેમજ અંગજડતી દરમિયાન ૯,૮૦૦ મળી કુલ રૂ.૧૧,૦૭૦ થી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# પુન્દ્રાસણ ગામે સામાન્ય બાબતે પરિવાર પર પાડોશીએ ધોકા અને લાકડીથી હુમલો કર્યો

ગાંધીનગર,તા.૬

ગાંધીનગરના પુન્દ્રાસણ ગામે પાણીથી ઘાસચારો પલળતા બાઈક થોડીવાર પછી ધોવાનું કહેતા પરિવાર પર પાડોશીઓ લોખંડની પાઈપ અને લાકડીઓ લઈને પરિવાર પર તુટી પડ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના પુન્દ્રાસણ ગામે મંગાજીનો વાસ ખાતે રહેતા તેજલબેન માસંગજી ઠાકોર તેમના પતિ અને દિકરા સાથે તેણીના માતા-પિતા સાથે રહીને ઘરકામ કરે છે. જયારે સવારના સાડા નવ વાગ્યાના સુમારે તેજલબેન અને તેના પતિ અને તેણીના માતા ઘરે હતા. પશુ માટે ઘાસચારો લાવ્યા હતા. તે અમારા ફળીયામાં ખાલી કર્યો હતો.

તે ઘાસચારો ઘરમાં ભરતા હતા. તે સમયે અમારી બાજુમાં રહેતા સંજય રામાજી ઠાકોરે તેનુ બાઈક ઘાસચારા નજીક ઉભુ કરી પાણીથી ધોવા લાગ્યો હતો. જેથી પાણી ઘાસચારા નીચે આવતા તે બગડતો હોવાથી તેણીની માતાએ સંજયને કહ્યું કે થોડીવાર પછી બાઈક પાણીથી સાફ કર. આ પાણીથી અમારો ઘાસચારો બગડે છે. તેમ કહેતા સંજયજી મારી માતા તેમજ અમારા ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈને તમારાથી થાય તે કરી લો હું બાઈક અહીંયા ધોઈશ. તેમ કહીને ગંદી ગાળો બોલી રહ્યો હતો. આ સમયે સંજયનુ ઉપરાણુ લઈ તેના ભાઈ હેમાજી તેમજ રામાજી તેના પિતા પણ આવી ગયા હતા. હેમાજી લોખંડની પાઈપ તેમજ સંજય અને રામાજી કચરાજી ઠાકોર લાકડીઓ લઈને આવી ગયા હતા.

હેમાજીએ કપાળના ભાગે લોખંડની પાઈપ મારી અને સંજયે તેણીની માતાને માથામાં અને છાતીના ભાગે લાકડીથી માર માર્યો હતો.

તે સમયે તેણીના પિતાજી માનસંગજી આવી જતા રામાજીએ લાકડી વડે માર માર્યો હતો. જયારે અન્ય વ્યકિતઓએ વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્રણેયને ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮માં ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં નેશનલ કોન્ફરન્સનું આયોજન

ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એક દિવસીય "Academic Disciplines and Reseaver Methodology" વિષય અંતર્ગત નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્ઘાટન બેઠકમાં પ્રાર્થના, દીપ પ્રાગટ્ય બાદ મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીએ આપ્યો હતો. અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ આર્શીવચન આપ્યા હતા તો ઉપપ્રમુખ અને કોલેજના કન્વીનર રણછોડભાઈ ચૌધરીએ કાર્યક્રમની ભૂમિકા



પ્રાસંગિક પ્રવચનમાં બાંધી આપી હતી. કાર્યક્રમના ઉદ્ઘાટક ડૉ. જગદીશ જોશી (ડાયરેકટર MHRD સેન્ટર ગુજ. યુનિ.)એ બીજરૂપ વક્તવ્યમાં સંશોધનના પ્રકાર અને પદ્ધતિઓ વિશે વિગતે વાત કરી હતી. મુખ્ય મહેમાન ડૉ. કમલેશ ચોકસી (ડાયરેક્ટર ભાષા સાહિત્યભવન ગુજ. યુનિ.)એ સાહિત્યમાં સંશોધન અને તેની પદ્ધતિ વિશે સરળ ભાષામાં ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી. પી.ડી.પી.યુ.ના ડૉ. હાર્મિક વૈષ્ણવે સંશોધનમાં સમસ્યાનો ઉદ્ભવન કઈ રીતે અને તેનો ઉકેલ કરવાથી વિશ્વમાં અને ભારતમાં થયેલ વિવિધ સંશોધન પરત્વે દૃષ્ટાંત સહિત વાત કરી હતી.

## આજે સે. ૩-સી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૬

માં મેલડી આનંદ ગરબા મંડળ સેક્ટર-૩-સી દ્વારા આનંદનો ગરબો સેક્ટર-૩-સી શક્તિચોક મંદિરમાં તા. ૭-૩-૨૩ મંગળવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે. સર્વે ભાવિ ભક્તોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યુ હતુ.

# રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી સંસ્થાને ૧૦ પંખા અને એક ફ્રીઝ ભેટ અપાયા



ગાંધીનગર, તા. ૬

મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં હાલમાં અશક્તો, નિરાધાર, મંદબુદ્ધિના વડીલો આશ્રય સાથે જીવન વિતાવી રહ્યા છે. ત્યારે વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે વાર-તહેવારે જન્મદિવસ, પુણ્યતિથિ કે અન્ય દિવસે સ્મરણાંજલિ, શ્રદ્ધાંજલિ, સ્મૃતિદિવસ, લગ્નતિથિ વગેરે દિવસોની યાદગીરીરૂપે સંસ્થાઓમાં રૂબરૂ આવી ઉજવણી કરવાનો અનેરો મહિમારૂપે ભેટ-અર્પણ-ભોજન સમારંભ, વસ્તુના દાનરૂપે બક્ષીસ અર્પણ કરવા ઉત્સુકતા દર્શાવતા હોય છે. ત્યારે ગરમીના દિવસોના શુભારંભે માસ ફાઈનાન્સીયલ સર્વિસીસ લિ.ટેડ, અમદાવાદ સંસ્થા દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડીને ૧૦ પંખા અને એક ૨૦૦ લીટરનું ફ્રીઝનું સી.એસ.આર. એક્ટીવીટી મારફતે ભેટ અર્પણ કરતા એકાઉન્ટ ડીપાર્ટમેન્ટ ભાવેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભેટ આપતાં સૌનો સંસ્થાએ ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

# બાપુ કેમ્પસમાં 'ડેસ સેલિબ્રેશન'ની ઉજવણી



ગાંધીનગર, તા. ૬

બાપુ કેમ્પસ ખાતે ૨૭ ફેબ્રુઆરીથી ૩જી માર્ચ સુધી 'ડેસ સેલિબ્રેશન'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ વચ્ચે વિવિધતામાં એકતા લાવવાનો હતો. તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આનંદ માણ્યો હતો.

# રેડિયન્ટ સ્કૂલમાં શુભેચ્છા સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૬

તા. ૬-૩-૨૩, સોમવારના રોજ રેડિયન્ટ સ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભ તેમજ શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ૧૪ માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. આ અન્વયે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શાળા-મેનેજમેન્ટ દ્વારા વિદાય સમારંભ તેમજ શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઉપરોક્ત વર્ગોના તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ પી.એમ. વામજા, આચાર્ય જે.બી. વામજા તેમજ ઉપાચાર્ય ગજ્જર દ્વારા કાર્યક્રમને અનુરૂપ સંબોધન કર્યુ અને વિદ્યાર્થીઓ પરીક્ષા સંબંધિત જરૂરી માર્ગદર્શન તેમજ સૂચનાઓ આપી હતી. પરીક્ષાનો ભય રાખ્યા વિના એકદમ સહજ વાતાવરણમાં પ્રફુલ્લિત મને પરીક્ષા આપવી, ઉજાગરા નહિ કરવા, પરીક્ષા દરમિયાન ખાવા-પીવામાં વિવેક રાખી તંદુરસ્તી જાળવી રાખવી, એકાગ્ર મને તૈયાર કરવી વગેરે જેવી ઉપયોગી માહિતી દ્વારા તમામ બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ અને પરીક્ષા માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.